# કુંડલિની : જીવનનું રહસ્ય
# બાબા મુક્તાનંદ દ્વારા લિખિત પુસ્તકમાંથી એક ઉદ્ધરણ

સત્ય તો એ છે, આ જ શરીર ભગવાનનું મંદિર છે. આ માનવ શરીર કરતાં વધારે મહાન કોઈ મંદિર નથી. દરેક વ્યક્તિએ આના પર ચિંતન કરવું જોઈએ અને એ સમજવું જોઈએ કે ભગવાન તેના અંતરમાં રહે છે. જેવી રીતે એક વ્યક્તિ કહે છે, “આ મારી સંપત્તિ છે” અથવા “આ મારું ઘર છે,” તેવી જ રીતે વ્યક્તિએ એ કહેવાની પાત્રતા મેળવવી જોઈએ, “ભગવાન મારા અંતરમાં છે.” તુકારામ મહારાજે કહ્યું છે, “હું ભગવાનને શોધવા નીકળ્યો, પરંતુ ભગવાન ન મળ્યા. હું સ્વયં જ ભગવાન બની ગયો. આ જ શરીરમાં ભગવાને સ્વયંને મારી સમક્ષ પ્રગટ કર્યા.” અને આ વાત સંપૂર્ણપણે સાચી છે.

જ્યારે કુંડલિની સહસ્રારમાં વિલીન થઈ જાય છે ત્યારે આ જ્ઞાનનો ઉદય થાય છે. આ પરાભક્તિની, પરમ ભક્તિની અવસ્થા છે, જેમાં કોઈ ભક્ત નથી, ભગવાન નથી અને નથી સંસાર, માત્ર એકત્વ છે. જેવી રીતે એક નદી, લાંબા સમય સુધી વહેતી રહીને સમુદ્રમાં ભળી જાય છે અને સમુદ્ર બની જાય છે, તેવી જ રીતે જ્યારે કુંડલિની પોતાનું કાર્ય સમાપ્ત કરી લે છે અને સહસ્રારમાં સ્થિર થઈ જાય છે ત્યારે તમે પૂર્ણરૂપે ભગવાનમાં લીન થઈ જાઓ છો.

તમારી બધી અશુદ્ધિઓ અને આવરણો નષ્ટ થઈ જાય છે અને તમે આત્મામાં પૂર્ણ વિશ્રાંતિ પામો છો. જે આવરણને કારણે તમે દ્વૈતભાવ જુઓ છો, તે દૂર થઈ જાય છે અને તમે જગતને કુંડલિનીના આનંદમય વિલાસના રૂપે, ભગવાનની શક્તિની ક્રીડાના રૂપે અનુભવ કરો છો. તમે વિશ્વને પરમ આનંદમય પ્રકાશના રૂપે, તમારાથી અભિન્ન જુઓ છો અને તમે આ બોધમાં દૃઢ થઈને રહો છો. આ મુક્તિની અવસ્થા છે, પૂર્ણતાની અવસ્થા છે.

જે મહાપુરુષે આ સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે તેમણે સમાધિમાં જવા માટે આંખો બંધ કરવાની અને એકાંત સ્થળે જવાની જરૂર નથી. ભલે તેઓ ધ્યાન કરી રહ્યા હોય, ભોજન કરી રહ્યા હોય, સ્નાન કરી રહ્યા હોય, સૂઈ રહ્યા હોય, તેઓ એકલા હોય અથવા બીજાની સાથે હોય, તેઓ આત્માની શાંતિનો અને આત્માના આનંદનો અનુભવ કરે છે. તેઓ જે કંઈ પણ જુએ છે તે ભગવાન છે, તેઓ જે કંઈ પણ સાંભળે છે તે ભગવાન છે, તેઓ જે કંઈ પણ ચાખે છે તે ભગવાન છે અને તેઓ જે કંઈ પણ બોલે છે, તે ભગવાનના શબ્દો છે. સંસારની વચ્ચે પણ તેઓ ગુફાના એકાંતનો અનુભવ કરે છે અને લોકોની વચ્ચે પણ તેઓ સમાધિના સુખનો અનુભવ કરે છે. આ જ એ સ્થિતિ છે જેનું વર્ણન ‘શિવસૂત્ર’માં આ રીતે છે, *લોકાનંદઃ સમાધિસુખમ્*, “જગતનો આનંદ સમાધિનું સુખ છે.”

આ જ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે આપણે ધ્યાન કરવું જોઈએ, આપણી કુંડલિનીને જાગ્રત કરાવવી જોઈએ. આપણે ભગવાનને પ્રાપ્ત કરવા માટે ધ્યાન નથી કરતા કારણકે તેઓ તો પહેલેથી જ પ્રાપ્ત છે. આપણે ધ્યાન કરીએ છીએ

જેથી આપણને એ બોધ થઈ શકે કે ભગવાન આપણી અંદર પ્રગટ છે. આ જ સિદ્ધયોગનું જ્ઞાન છે, અંતર યોગનું ફળ છે, જે સિદ્ધગુરુની કૃપાથી જ્યારે કુંડલિની જાગ્રત થાય છે ત્યારે ક્રિયાશીલ થાય છે.

અને એટલા માટે હું હંમેશાં દરેકને કહું છું, ‘‘આપને ધ્યાઓ, આપનું સન્માન કરો, આપને પૂજો, આપના રામ આપમાં આપ થઈને રહે છે.’’

સ્વામી મુક્તાનંદ, *કુંડલિની : જીવનનું રહસ્ય*,
(ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૨), પૃષ્ઠ ૪૧-૪૨.

ડિઝાઇન પ્રારૂપ રચના : શબનમ લાબ્રા અને હીરા ટૅનર

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.